

માતૃદેવો ભવઃ - ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીય સમાજ જીવન માટે સંસ્કાર પુરુષ છે... ભારતીય સંસ્કૃતિમાં માતા-પિતાને દેવથી પણ અધિક મહત્વનું સ્થાન અપાયું છે તેને ચરિતાર્થ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દર વર્ષે તેમના જન્મદિવસે અત્યંત વ્યસ્તતા હોવાની વચ્ચે પણ માતા હિરાબાના આશીર્વાદ મેળવવાનું ચૂકતા નથી... જ્યારે આપણા સમાજ જીવનમાં અસંખ્ય પરિવારો વ્યસ્તતાના નામે મા-બાપની અવગણના અથવા તો પૂરતી કાળજી લેવામાં ઉણા ઉતરે છે એ વાસ્તવિકતા છે... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નિષ્ઠા વંદનીય છે, પરંતુ ભારતીય સમાજ જીવન માટે અને આજકાલની નવી પેઢી માટે પ્રેરણા સમાન છે... માત્ર પ્રધાનમંત્રીના ટ્વીટરને ફોલો કરવાથી કે ભાષણોની ચર્ચા કરવાથી નહિ પરંતુ તેમના જેવું વર્તન કરવાથી નરેન્દ્ર મોદીના અનુયાયી બની શકાય છે... આપણે પરમતત્વને પ્રાર્થીએ હીરાબા જેવું સૌભાગ્ય ભારતની તમામ માતાઓને પ્રાપ્ત થાય... મંગળવારે બપોરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરના પાદરમાં રાયસણ સ્થિત વૃંદાવન સોસાયટીમાં લઘુબંધુના નિવાસસ્થાને માતા હિરાબાના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા... ત્યારે હિરાબાએ પણ પુત્રપ્રેમ છલકાવી પોતાના તેજસ્વી દિકરાને પુરણપોળીના જમણ જમાડ્યા હતા... આ તસવીરને રાજકીય દ્દષ્ટિકોણથી નહિ પણ ભારતીય સંસ્કૃતિની રખેવાળી માટે ખૂબ મહત્વની તસવીર માનીને પ્રસ્તુત કરીએ છીએ...

# મોદીની પેટા-ચૂંટણી અંગે મુખ્યમંત્રી-સંગઠ્ઠન સાથે ચર્ચા

### મોદીએ રાજ્યની રાજકીય સ્થિતિની પણ સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૭ બેઠકોની આવી રહેલી પેટા-ચૂંટણીને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી તેમજ સંગઠ્ઠનના આગેવાનો સાથે બેઠક કરી હતી.

દિલ્હી જતા પહેલા રાજભવન ખાતે આ મહત્વની બેઠક બોલાવવામાં આવી હતી. પ્રધાનમંત્રી મોદીએ રાજ્યની રાજકીય સ્થિતિની પણ સમીક્ષા કરી હતી. તેમણે રાજ્યમાં ચોમાસા દરમ્યાન થયેલ વરસાદ તેમજ અન્ય બાબતોને લઈ પણ ચર્ચાઓ કરી હતી.

વડાપ્રધાન મોદીએ રાજ્યમાં વિકાસના કામોને ગતિ આપવા પર પણ ભાર મુક્યો હતો. આ ઉપરાંત સજીવ ખેતી સહિત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણમાં ગતિ લાવવા જણાવ્યુ હતુ.

વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોની સંગઠ્ઠન દ્વારા થયેલી તૈયારીઓ અંગે પણ નાનામાં નાની બાબતને લઈ પૃચ્છાઓ કરી હતી. પક્ષના સદસ્યતા નોંધણી અભિયાન અંગે પણ તેમણે જાણકારી મેળવી હતી.

વિધાનસભાની સાત બેઠકોની પેટા-ચૂંટણીની જાહેરાત આગામી સપ્તાહમાં થશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે પ્રધાનમંત્રી મોદી દ્વારા કરાયેલ સમીક્ષાની વાતો બહાર આવતાં જ દાવેદારોએ ગાંધીનગર તરફ દોટ મુકી છે. મુખ્ય બન્ને પક્ષો દ્વારા આ ચૂંટણીઓને લઈ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

# ઘ-૨નુ ટ્રાફિક સિગ્નલ સતત બંધ રહેતા માર્ગ સલામતી જોખમાઈ

### સપ્તાહમાં ચાર દિવસ સિગ્નલ બંધ હોવાથી ચારેબાજુથી બેફામ દોડતા વાહનોથી અકસ્માતની દહેશત

ગાંધીનગર તા ૧૭

શહેરમાં માર્ગ સલાતમીના મામલે આમ નાગરિકો જાગૃત બની રહ્યા છે. જયારે નવા દંડની નિતી અમલી બનતા ટ્રાફિકના નિયમનનુ પાલન કરવા માટે સ્થાનિકો સજ્જ બન્યા છે. આવા સંજોગોમાં ટ્રાફિક સિગ્નલ વારંવાર બંધ રહેતા ટ્રાફિકનુ સંચાલન ખોરવાતા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી સ્થિતિ ઉભી થાય છે. ઘ-૨ સર્કલ પરનુ સિગ્નલ સપ્તાહમાં ચાર દિવસ બંધ રહેતા આ વિસ્તારમાં સર્કલની ચારેબાજુથી આડેધડ વાહનો પસાર થાય છે. હાલ પણ ઘ-૨નુ ટ્રાફિક સિગ્નલ બંધ છે.

શહેરમાં દાયકાઓના અંતે ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવ્યા છે. જયારે હાલ આ ટ્રાફિક સિગ્નલના લીધે નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ નિયમન પણ યોગ્ય રીતે થાય છે. બીજીતરફ ટ્રાફિક સિગ્નલના ઓન ઓફ સમયના મામલે પણ અનેકવાર સવાલો મંડરાયા છે. જે યોગ્ય ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે ટ્રાફિક સિગ્નલને અનુલક્ષી આનુસંગિક વ્યવસ્થાના અભાવના લીધે ઘણીવાર સર્કલ વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલની જબુકતી લાઈટોના લીધે વાહનોમાં ગતિ નિયંત્રણ પણ કાંઈક અંશે જળવાઈ રહ્યુ છે. પરંતુ નગરના ઘ-૨ સર્કલ પરના સિગ્નલ વારંવાર બંધ રહેતા આ વિસ્તારમાં ટ્રાફિકનુ સંચાલન ખોરવાયુ છે જેના લીધે વાહનોની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર શહેરના જ-માર્ગ પર સલામતીના નામે દિવા તળે અંધારું

### સે-૨૩ માં તોફાની ગાયે એક મહીલાને ફંગોળી માથાના ભાગે ગંભીર ઇજા : કોર્પોરેશન રખડતા ઢોર કે ગંદકીનો પ્રશ્ન હલ કરવામા પણ નિષ્ફળ : મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં રહીશોને અડફેટે ચઢાવવા રોજ સંખ્યાબંધ ઢોર છુટ્ટા મુકી દેવાય છે : નાટકીય ઝુંબેશના અંતે બે ચાર ઢોર ડબ્બામાં પુરી ટીમ કામગીરી ઓટોપી લે છે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન દાયકાઓથી રખડતી હાલતમાં જ છે. કોર્પોરેશન પણ સ્માર્ટ સીટીના નિર્માણની વાતો કરી કરોડો રૂપિયાના આયોજનની વાતો કરે છે. પરંતુ ગંદકી અને રખડતા ઢોરની સમસ્યાથી ખદબદતા સેકટરોની ભીંતરમાં બિહામણાં દ્રશ્યો તંત્રની પોલ ખોલે છે. માર્ગ સલામતીના નામે પાટનગરમાં જ દિવા તળે અંધારુ છે. મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોર ગમે ત્યારે રાહદારીને સીધો હોસ્પિટલના બિછાને પહોંચાડે દે છે. આજે સે-૨૩ એક મહીલા પર તોફાને ચઢેલી ગાયે હુમલો કરતા



તેને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. હજુ આ તોફાની ગાય સેકટરમાં આતંક મચાવી રહી છે. તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. માર્ગ સલામતીની વાતો વચ્ચે શહેરમાં ઠેર ઠેર રખડતા ઢોરના લીધે સ્થાનિક નાગરિકો આગ બબુલા બન્યા છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરનો ત્રાસ એટલી હદે વધી ગયા છે કે રસ્તે જતા રાહદારીને કોઈ સલામતી જ રહી નથી. માર્ગ પર દોડતા વાહનો પણ ગમે ત્યારે રખડતા ઢોરના લીધે અકસ્માતનો ભોગ બને છે. આવા સંજોગોમાં શહેરને સ્માર્ટ સીટી બનાવાની યોજના પણ હાસ્યાસ્પદ પુરવાર થાય તેવી સ્થિતિ છે. શહેરના મુખ્યમાર્ગો પર ઠેર ઠેર રખડતા ઢોર અડ્ડો જમાવીને બેસે છે. જયારે નગરના જાહેર સ્થળો શોપિંગ વિસ્તાર

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨માં પાંચ ગેરકાયદે હોસ્ટેલોનું સીલીંગ કરતી મનપા

### ગેરકાયદે દબાણો સામે પણ ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં રહેઠાણ વિસ્તારમાં ચાલતી હોસ્ટેલોના મુદ્દે મનપાના તંત્રએ આજે લાલ આંખ કરી છે. સે. ૨માં આ મુદ્દે હાથ ધરાયેલ સર્વેલન્સને અંતે પાંચ જેટલી હોસ્ટેલોને સીલ કરવામાં આવી છે.

મનપાના તંત્ર દ્વારા ગેરકાયદે હોસ્ટેલો માટે વ્હાલા-દવલાંની નીતિ અપનાવવામાં આવતી હોવાની ફરિયાદ જિલ્લા સંકલન સમિતિમાં ઉઠી હતી. આ પછી એક સપ્તાહમાં જ આ અંગે સર્વે કરી પગલાં લેવામાં આવશે તેવી અપાયેલી હૈયાધારણ બાદ આજે તંત્ર હરકતમાં આવ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હેતુફેર કરી હોસ્ટેલનું સંચાલન કરવુ એ મનપાના નિયમો વિરૂદ્ધ છે. આ બાબતે મ્યુનિ. એક્ટમાં સ્પષ્ટ જોગવાઈઓ છે જ તંત્ર કોઈની સામેય આ મુદ્દે કાર્યવાહી કરતાં અચકાશે નહિ.

સેક્ટર-૨માં આજે પાંચ હોસ્ટેલોને સીલ મારવામાં આવેલ છે તેમજ સર્વેની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી છે.

મનપાના તંત્રએ ગેરકાયદે હોસ્ટેલના સીલીંગ ઉપરાંત દબાણના મુદ્દે પણ આજે આકરી કાર્યવાહી કરી હતી. સે. ૨માં ઘ-૨, ઘ-૩ સહિત ચ-રોડ પર પણ આવેલ લારી-ગલ્લાના દબાણો દૂર કર્યા હતા.

આ બન્ને અભિયાન આગામી દિવસોમાં પણ યથાવત રહેશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# આકાશમાંથી વરસાદી વાદળો વિખેરાતા ગરમીનુ પ્રમાણ વધ્યુ

### મહત્તમ તાપમાનમાં પણ બે થી ત્રણ ડીગ્રીનો વધારો

ગાંધીનગર તા ૧૭

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ જામ્યો હતો. વરસાદની સાથે વાદળિયા વાતાવરણના લીધે સતત ભીંજારાના માહોલથી નગરજનો પણ સુસ્તી અને બેચેની અનુભવી રહ્યા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી ભાદરવો તપતા ધીમે ધીમે આકરો તાપ પડી રહ્યો છે મહત્તમ તાપમાન પણ ઉંચકાયુ છે. આજે પણ સવારથી જ વાતાવરણમાં ઉઘાડ જોવા મળ્યો હતો. જયારે વરસાદી વાદળો દુર હટતા આકાશ પણ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ.

શહેરમાં છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો દુર થતા ધીમે ધીમે ભાદરવો તપી રહ્યો છે. ગઈકાલની જેમ આજે પણ સવારથી જ આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ. જયારે ગઈકાલે મહત્તમ તાપમાન ૩૨.૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે આજે પણ ગરમીનો પારો ઉંચે રહ્યો હતો. આજે પણ ગરમીનુ પ્રમાણ પણ વધ્યુ હતુ. છેલ્લા બે દિવસમાં મહત્તમ તાપમાન બે થી ત્રણ ડીગ્રી ઉંચકાયુ છે. જેના લીધે દિવસ દરમિયાન નગરજનો હવે આકરો તાપ પણ અનુભવી રહ્યા છે. જયારે બપોરના તાપ પણ આકરો લાગી રહ્યો છે. લાંબા સમયના અંતે વાતાવરણમાં ઉઘાડ નિકળતા સતત ભીંજારાથી ત્રસ્ત નગરજનોએ પણ હાંશકારો અનુભવ્યો છે. રોજબરોજ મહત્તમ તાપમાન પણ વધી રહ્યુ છે. ગઈકાલે પણ ગરમીનો પારો ઉંચકાયો હતો. જયારે આજે પણ દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ. વરસાદી વાદળો દુર હટતા વાતાવરણમાં ઉઘાડ નિકળ્યો હતો. છેલ્લા ઘણાં સમયથી સુર્યપ્રકાશની ગેરહાજરી વર્તાઇ રહી હતી. પરંતુ બે દિવસથી ઉઘાડ નિકળતા નગરજનોને વાતાવરણમાં સુસ્તીના બદલે એનર્જીનો અહેસાસ થઈ રહ્યો છે. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ અંશત : ઘટયુ છે.

# નર્મદા ગુજરાતના વિકાસનું પ્રેરક બિંદુ છે

### સંત સરોવર ખાતે નમામિ દેવી નર્મદે મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ધાર્મિક શાસ્ત્રોનુસાર પૂજા-અર્ચના : મહેસુલ મંત્રી ઉપરાંત શહેરના મેયર, કલેક્ટર, કમિશનર અને સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિ



ગાંધીનગર, તા. ૧૭

નર્મદાના મુદ્દે રાજનીતિ નહિ પણ ગુજરાતના વિકાસ માટે નર્મદા અંગે લડતો ગુજરાતે માંડી હતી. નર્મદાના નીર માટે ૫૮ વર્ષનો સંઘર્ષ છે તેમ રાજ્યના મહેસુલ મંત્રી કૌશિક પટેલે આજે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે સદ્‌વિચાર પરિવાર દ્વારા આ અંગેની લડતનો આરંભ થયો હતો. તેમણે કહ્યુ કે આજે સરદાર સાહેબનું સ્વપ્ન સાકાર થયુ છે. નર્મદામાંથી પાણી અને વીજળી મેળવવાની સાથે જ ગુજરાતનો વિકાસ વેગીલો બન્યો છે.

ભારતીય સંસ્કૃતિમાં એવું કહેવાયું છે કે, ગંગા નદીમાં ન્હાવાથી અને નર્મદા નદીના પાણીના દર્શન કરવાથી માનવીના જીવનને મોક્ષ પ્રાપ્ત થાય છે. કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું.

સંત સરોવર ખાતે નમામિ દેવી નર્મદેના પાણીની ધાર્મિક શાસ્ત્રોનુસાર પૂજા-અર્ચના, શ્રીફળ પધરાવી અને આરતી કરીને મહેસુલ મંત્રી કૌશિકભાઈ

● અનુસંધાન પાન-૭ પર

# હવે નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે

### વરસાદી દિવસોના અંતે દશેરાથી સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરાશે

ગાંધીનગર તા ૧૭

શહેરમાં વરસાદી દિવસોના અંતે હવે માર્ગ સુધારણાની બાકી કામગીરી ટુંકમાં શરૂ કરાશે. આગામી દશેરાથી રસ્તાના નવા કામો શરૂ થશે. જેમાં ખાસ કરીને નવા સેકટરોમાં બાકી રહેતા આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે હવે તબક્કાવાર કામગીરી હાથ ધરાશે. વરસાદી દિવસો પુર્વે રસ્તાના કામો ચાલી રહ્યા હતા. પરંતુ ચોમાસાની શરૂઆત થઈ જતા આખરે માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. જો કે વરસાદી દિવસો દરમિયાન પણ શહેરના ઘણાં ખરા માર્ગોનુ ધોવાણ થયુ છે. જેમાં મુખ્યમાર્ગો પર પણ રસ્તાઓને નુકશાન થયુ છે. જયારે ચોમાસા દરમિયાન માર્ગોની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. જેથી નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી બાકી રહી હતી. સે-૬ થી ૮ માં અગાઉ રીંગ રોડનુ કામ હાથ ધરાયુ હતુ જયારે સેકટરોના આંતરિક માર્ગોની કામગીરી થઈ શકી ન હતી. વિભાગ કક્ષાએથી આ કામને

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com